તમારા માથી કોઈ એક કપડાંમાં નમાઝ ન પઢે, કે તે કપડાંનો ભાગ તેના ખભા પર ન હોય

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું: નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «તમારા માથી કોઈ એક કપડાંમાં નમાઝ ન પઢે, કે તે કપડાંનો ભાગ તેના ખભા
પર ન હોય».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ તે લોકોને જેઓ એક જ કપડાંમાં નમાઝ પઢતા હોય, જેના કારણે તેમના ખભા અને ગળાનો ભાગ ખુલ્લો રહી જાય છે, તેનાથી રોક્યા છે, અને તેને બીજા કપડાં વડે ન ઢાંકતો હોય; જેનું કારણ એ છે કે ભલેને ખભાને (શરીરના અન્ય અંગોને ઢાંકવા જરૂરી છે) ઢાંકવું જરૂરી નથી, પરંતુ તેણે ઢાંકવા અને સારી રીતે તેણે છુપાવવા જરૂરી છે, તે સિવાય તેના દ્વારા અલ્લાહની સમક્ષ નમાઝમાં ઊભા રહેવા પર તેની મહાનતા અને પવિત્રતાની વધુ નજીક છે.

https://sunnah.global/hadeeth/gu/show/10639